બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો / શિક્ષકોની ભરતી માટેના સોફ્ટવેરના ખર્ચની મંજૂરી બાબત,

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ-૧૩૧૧-૧૫૩૯-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૯/૨૦૧૧ 7 2011

**<u>વંચાણે લીધો :-</u>** (૧) કમિશનર શાળાઓની કચેરીનો તા.૫/૮/૨૦૧૧નો પત્ર ક્રમાંક ઘ/અ-૧/ભરતી સેલ/માધ્ય/૧૧-૧૨/૧૪૮૧૩

(૨) કમિશનર શાળાઓની કચેરીનો તા.૧૫/૯/૨૦૧૧નો પત્ર ક્રમાંક ઘ/અ-૧/ભરતી સેલ/માધ્ય/૧૧-૧૨/૧૩૮૦

**આમુખ :-**

કમિશનર શાળાઓની કચેરીનો વંચાણમાં લીધેલ તા.૮/૮/૨૦૦૦ તથા તા. ૧૫/૯/૨૦૧૧ ના પત્રથી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો /શિક્ષકોની ભરતી માટેના સોફ્ટવેરનો અંદાજીત ખર્ચ ₹ ૧૫.૦૦ લાખ ( અંકે રૂપિયા પંદર લાખ પૂરા ) મંજુર કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠ રા વ :-</u>**

સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્યોની કેન્દ્રીયકૃત ભરતી અંગેની પ્રક્રિયા માટે શિક્ષક અભિરુચી કસોટી (TAT) બાદ મેરીટ આધારે ભરતી કરવાની કાર્યવાહી કમિશનર, શાળાઓની કચેરી મારફત હાથ ધરવા નિયત થયેલ છે. કમિશનર કચેરી દવારા ભરતીની પ્રક્રિયા માટે ઓનલાઇન અરજીઓ મંગાવી મેરીટ આધારીત સોફટવેર ઇન્ડેક્ષ -બી મારફત તૈયાર કરાવવાનુ કમિશનર કચેરી દવારા નકકી કરવામાં આવેલ છે.

પુખ્ત વિચારણાને અંતે કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો /શિક્ષકોની ભરતી માટેના સોફ્ટવેરનો બનાવવાનો ખર્ચ ₹ ૧૫.૦૦ લાખ ( અંકે રૂપિયા પંદર લાખ પૂરા ) મંજૂર કરવાની દરખાસ્તને નીચેની શરતોએ વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) પરીક્ષા ફી માટે મળનાર રકમ/થનાર આવકની રકમ આવકના જે તે સદર હેઠળ જમા કરાવવાની રહેશે

(૨) પ્રર્વતમાન ખરીદી તેમજ આઇ.ટી.ના નિયમોને અનુસરી કામગીરી કરાવવાની રહેશે.

(૩) સદર બાબતે કરકસર યુકત ખર્ચ કરવાનો રહેશે.

આ સોફટવેર ડેવલોપમેન્ટ માટે iINDEXTb ( ઇન્ડેક્ષ -બી) ને ચૂકવવાના થતા ₹ ૧૫.૦૦ લાખ (રૂપિયા પંદર લાખ પુરા) + ટેક્ષનો ખર્ચ શિક્ષણ વિભાગની આઇ.ટી. માટેની જોગવાઇ EDN -48 Information and Technology (117047) બજેટ સદર 2202-General Education 80-800-(22) (Plan) સદરે મંજુર થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને તે ખાતે ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા. ૨૨/૯/૨૦૧૧ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ. વી.શાહ )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ / રાજકોટ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, તથા કોમ્પ્યુટર સેલ શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.